<u>**ક્રિ.ઈન્કવાયરી નં. ૪૬૯/૨૦૨૫**</u>

**આંક–૦૧ હેઠળ હુકમઃ–**

ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી. ફરીયાદના અનુસંધાને ફરીયાદીનું સોગંદનામું વંચાણે લીધું તેમજ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એમેન્ડમેન્ટ એક્ટ–૨૦૧૫ મુજબનો છેલ્લો સુધારો ધ્યાને લીધો. આ કામે ઈન્કવાયરી સબબ નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સુઓમોટો રીટ નં.૨/૨૦૨૦ ના કામે નિર્દેશિત થયેલ કાયદાકીય સિધ્ધોતો અન્વયે ફરીયાદ હકીકતોના સમર્થનમાં ફરીયાદીએ રજુ કરેલ સોગંદનામું અને તે સાથેના દસ્તાવેજી આધાર અન્વયે આરોપી સામે પ્રથમ દર્શનિય કેસ હોય પ્રસ્તુત ઈન્કવાયરી અન્વયેની કાર્યવાહી રજુ સંજોગોમાં ફેસલ કરી, મંજુર કરી ફરીયાદના કામે આરોપી વિરુધ્ધ ધી નેગોશિએબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ સજાને પાત્ર ગુના સંદર્ભે પ્રથમ દર્શનિય કેસ જણાતો હોઈ તેમજ Writ petition (Civil) No.18 of 2013 Indian Bank Association & Others V/s. Union of India & Others ના ચુકાદા મુજબ હાલની ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે દાખલ લેવાનો હુકમ કરવામાં આવે છે અને ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપી વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કલમ–૨૦૪ મુજબનો <u>**તારીખ ૨૯/૦૬/૨૦૨૬**</u> ના રોજનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપીમાં કોર્ટ હાજરી સુનિશ્ચિત કરવા ઉપરોક્ત તારીખે રૂ.૨૦,૦૦૦/–ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકા સાથે હાજર રહી કોર્ટમાં રજુ કરવાના રહેશે.

આજરોજ તારીખ ૧ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

(ડો.જી.ડી.શર્મા)
એડી.જ્યુ.મેજી.ફ.ક., વિસનગર
કોડ નં.જીજે૦૧૩૬૦

મુ.વિસનગર.
તા. ૦૧/૦૪/૨૦૨૬